# Day to Day Current Affairs

**19 March-2015**

૧) જે.પી.ડ્યુમિની : સાઉથ આફ્રિકન ક્રિકેટર. – વર્લ્ડકપમાં હેટ્રીક ઝડપનારો 8મો બોલર બન્યો. શ્રીલંકા સામેની ક્વાટર ફાઇનલ મેચમાં ડ્યુમિનીએ હેટ્રીક ઝડપી હતી વર્ષ 2015 વર્લ્ડકપમાં ડ્યુમિની હેટ્રીક ઝડપનારો બીજો ખેલાડી બન્યો.અગાઉ ઇંગ્લેન્ડ ખેલાડી ફિને ઓસ્ટ્રેલિયા વિરૂધ્ધ હેટ્રીક ઝડપી હતી.

૨) કુમાર સાંગાકારા – મહેલા જયવર્દન : વર્લ્ડકપમાં સાઉથ આફ્રિકા સામેની હાર બાદ બંને ખેલાડીઓએ વન ડે માં નિવૃતીજાહેર કરી.

**20 March-2015**

૧) ૨૦ માર્ચ : વિશ્વ વાર્તા દિવસ.

વિશ્વ ચકલી દિવસ : પહેલો વર્લ્ડ સ્પેરો-ડે વર્ષ 2010માં ઉજવાયો હતો. નેચર ફોરએવર સોસાયટી ઓફ ઇન્ડીયા અને ફ્રાંચની ઇકો-એકશન ફાઉન્ડેશન જોડાઇને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આ ઉજવણી કરે છે. આ વર્ષની થીમ : ‘ આઇ લવ સ્પેરો’

૨) વન ડે ક્રિકેટમાં ધોનીની આગેવાની હેઠળ 100 વિજય : વર્લ્ડકપમાં બાંગ્લાદેશ સામેની કવાટરમાં ફાઇનલમાં ભારતની જીત સાથે વન ડે ક્રિકેટ ઇતિહાસમાં ધોનીની આગેવાની હેઠળ ભારતે 100મો વિજય હાંસલ કર્યો હતો. આ સિધ્ધિ હાંસલ કરનારો તે વિશ્વનો ત્રીજો અને ભારતનો પ્રથમ સુકાની બન્યો. ઓસ્ટ્રેલિયન ખેલાડી રિકી પોન્ટિંગ અને એલન બોર્ડર આ સિધ્ધિ હાંસલ કરી ચૂક્યાછે.

૩) ‘ કાયા કલ્પ’ કાઉન્સિલ : રેલવેમાં સુધારણા, પ્રગતિ અને પરિવર્તન માટે નવીન પ્રકારની પધ્ધતિઓ અને પ્રક્રિયા અંગેના સૂચનોમાટે રેલવેપ્રધાન સુરેશ પ્રભુ દ્વારા ‘કાયાકલ્પ’ કાઉન્સિલની રચના કરવામાં આવી. ખ્યાતનામ ઉદ્યોગપતિ રતનતાતાને આ કાઉન્સિલના અધ્યક્ષપદે નિમ્યાંછે.

www.vivekanandacademy.org